**<u>સોગંદ આપ્યા.....</u>**

**<u>અરજદાર રમેશભાઈ મુળજીભાઈ કૈલા ની આંક– ૪૦ ની સરતપાસ લગત સામાવાળા નં.૧ તર્ફે ઉલટ તપાસ વિ.ડી.જી.પી. શ્રી વી.સી.જાની</u>**

(૧) એ વાત ખરી છે કે, મારી જમીનની ચર્તુદીશામાં મારા જમીનને અડીને ઉત્તર–દક્ષીણ–પૂર્વ–પશ્ચિમે આવેલ સ્થળ સ્થીતીને મારી જમીનની ચર્તુદીશા કહેવાય. એ વાત ખરી છે કે, મારી જમીનની ચર્તુદીશાને અડીને કોઈ રહેણાંકની સોસાયટી તથા પેટ્રોલપંપ તથા કારખાનું આવેલ નથી. મારી જમીનની પુર્વ દીશાએ અડીને ખેતરાઉ મારગ આવેલ છે. એ વાત ખરી નથી કે, જયારે મેં રેફરન્સ દાખલ કર્યો ત્યારે રસ્તો ન હતો. એ વાત ખરી છે કે, અમારુ ગામ મોરબીથી ૫૦ કી.મી. દુર છે અને હળવદથી ૨૨ કી.મી. દુર આવેલ છે. એ વાત ખરી છે કે, અમારા ગામમાં ધોરણ ૮ સુધીની શાળા આવેલી છે. એ વાત ખરી નથી કે, જે તે સમયે મને સરકારે મારી જમીનનું યોગ્ય વળતર આપેલ છે છતા મેં ખોટી રીતે વળતર મેળવવા હાલનો રેફરન્સ દાખલ કરેલ છે.

**<u>અરજદાર રમેશભાઈ મુળજીભાઈ કૈલા ની આંક– ૪૦ ની સરતપાસ લગત સામાવાળા નં.૨ તર્ફે ઉલટ તપાસ વિ.વ.શ્રી એમ.પી.કારીયા</u>**

(૨) મારી જમીનનું સંપાદન ૨૦ વર્ષ અગાઉ થયેલ છે. મારી જમીન સંપાદન થયા પછી મેં કયા વર્ષમાં રેફરન્સ દાખલ કરેલો તે મને ખબર નથી. મને રેફરન્સ અરજી બતાવવામાં આવે છે જેમાં મારી સહી ઓળખી બતાવું છે અને આ રેફરન્સ તા. ૭/૪/૨૦૧૬નાં રોજ દાખલ કરેલાનું તેમાં લખેલ છે. એ વાત ખરી છે કે, મારી જમીન સંપાદન કરવાના એવોર્ડ જાહેર થયાના ૧૬ વર્ષ બાદ મેં હાલનો રેફરન્સ ઉપસ્થીત કરેલ છે. એ વાત ખરી છે કે, હું ત્રણ પાક લેતો હોય તેવું દર્શાવતો કોઈ રેવન્યુ રેકર્ડ રજુ રાખેલ નથી.

સવાલ:– જમીન સંપાદન થઈ તે સમયે તમારી જમીન બીનપિયત હતી ?

જવાબ:– મારી જમીનમાં મારી માલીકીનો કુવો હતો.

મારી જમીનમાં જમીન સંપાદન થઈ તે સમયે મારી માલીકીનો કુવો હતો તેવું દર્શાવતું રેવન્યુ રેકર્ડ મેં રજુ રાખેલ નથી. મારું ગામ જમીન સંપાદન સમયે સુરેન્દ્રનગર જીલ્લામાં આવતું હતું. એ વાત ખરી છે કે, જમીન સંપાદન સમયે અમારા ગામની વસ્તી ૬૪૦ માણસોની હતી. એ વાત ખરી છે કે, અમારા ગામમાં કોઈ હાઈસ્કુલ કે કોલેજ કે પોસ્ટ ઓફીસ કે બેંક, રેલ્વે સ્ટેશન આવેલ નથી. એ વાત ખરી નથી કે, અમારા ગામની આજુબાજુમાં કોઈ મોટા ઉધોગ આવેલા નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અમારા ગામની આજુબાજુમાં મીઠાના બે–ત્રણ કારખાના આવેલા છે. એ વાત ખરી છે કે, બીયારણના બીલ તથા જંતુનાશક દવાના બીલ તથા ખાતરના બીલ તથા પાક વેંચાણના બીલો આ કામે રજુ રાખેલા નથી.

સવાલ:– હાલનો રેફરન્સ તમે સમયમર્યાદામાં દાખલ કરેલ નથી ?

જવાબ:– મેં રેફરન્સ અરજીમાં જે તારીખ લખેલ છે તે તારીખે દાખલ કરેલ છે.

એ વાત ખરી નથી કે, અમારી આજુબાજુના ગામોના સીમાડા દર્શાવતો કોઈ પુરાવો આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી નથી કે, જે તે સમયે મને સરકારે મારી જમીનનું યોગ્ય વળતર આપેલ છે છતા મેં ખોટી રીતે વળતર મેળવવા હાલનો રેફરન્સ દાખલ કરેલ છે. એ વાત ખરી છે કે, મેં મારી રેફરન્સ અરજીમાં મેં માંગેલ ભાવ મળવાપાત્ર હોય તેવું દર્શાવતા કોઈ આધાર પુરાવા આ કામે રજુ રાખેલા નથી.

**ફેરતપાસ નથી.**

તા.૨૧/૮/૨૦૨૫ મારી રૂબરૂ
હળવદ.

સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભળાવતા
તે ખરી અને કબુલ રાખેલ છે.

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
કોડ નં.જીજે. ૦૦૭૧૧

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ, હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ, હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧